# ગાંધીનગરમાં વાયબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧
મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટપણે વિશ્વાસ વ્યકત કર્યો છે કે, આજનો યુવા પોતાના આગવા ઈનોવેશન્સ અને સ્ટાર્ટઅપના માધ્યમથી ગુજરાતની વાયબ્રન્ટ ઈકોનોમીમાં સહભાગી થવા સંપૂર્ણ સજ્જ છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, સમગ્ર વિશ્વમાં ભારત યુવા દેશ છે અને આ ડેમોગ્રાફીક ડીવીડન્ડ જ સ્ટાર્ટઅપ ક્રાંતિ લાવી દેશને વિશ્વગુરૂ બનાવશે.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં આજથી ત્રણ દિવસ માટે યોજાઇ રહેલી વાયબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટ ૨૦૧૮નો પ્રારંભ કરાવ્યો હતો.

ઉત્સાહ અને તરવરાટથી છલકતા યુવા સ્ટાર્ટઅપ્સને તેમણે આહવાન કર્યુ કે સમગ્ર વિશ્વમાં કોઇને કોઇ નવું કરવાની તમન્ના, ધગશ સાથે આવેલા યુવા સ્ટાર્ટઅપ અને ટેકનોલોજી ક્ષેત્રના નવોન્મેષી યુવાઓ સાથે વૈચારિક આદાન-પ્રદાનથી ભારતને સ્ટાર્ટઅપ ઈનોવેશન્સ અને ટેકનોલોજીમાં અવ્વલ બનાવવાનું નેતૃત્વ આ યુવાશકિત લે.

મુખ્યમંત્રીએ કહ્યું કે ભારતની આ સૌથી મોટી સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટમાં ૪૦ ગ્લોબલ લીડર્સ દ્વારા ભવિષ્યનું માર્ગદર્શન મળશે. એટલું જ નહી, લોકોની ડે-ટૂ-ડે ચેલેન્જીસના ઉપાયો માટે પણ આ ઈવેન્ટમાં ટેકનોલોજીના વિનિયોગ અંગે વિચાર મંથન થશે.

વિજયભાઇ રૂપાણીએ ભારતના અર્થતંત્રમાં નવોન્મેષી સ્ટાર્ટઅપની અહેમિયત ધ્યાને રાખીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૧૬માં ત્રણ વિષયો પર ફોકસ કરીને સ્ટાર્ટઅપ ઈનીશ્યેટીવ્સનો પ્રારંભ કરાવ્યો છે તેની ભૂમિકા આપી હતી.

સિમ્પલીફીકેશન એન્ડ હેન્ડ હોલ્ડીંગ, ફંડીંગ સપોર્ટ એન્ડ ઈન્સેટીવ્ઝ તેમજ ઈન્ડસ્ટ્રી એકેડેમીયા પાર્ટનરશીપ એન્ડ ઈન્કયુબેશનના આ ફોકસ સેકટરને પરિણામે ભારતમાં યુવા સ્ટાર્ટઅપ માટે રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપવાના અવસર મળ્યા છે એમ તેમણે ઉમેર્યુ હતું.







## મહિનાના બીજા રવિવારે શહેરને વાહન મુક્ત રાખવા જાગૃત નાગરિક પરિષદની અપીલ

ગાંધીનગર, તા. ૧૧
ગ્લોબલ વોર્મીગના ભયાનક અહેવાલો વચ્ચે, પર્યાવરણની સુધારણા અર્થે પાટનગરમાં એક દિવસ વાહનમુક્ત રાખવા નગરજનો સંકલ્પબદ્ધ બને અને તેવી હાર્દિક અપીલ શહેર જાગૃત નાગરિક પરિષદે કરી છે.

તાજેતરમાં મળેલી જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકમાં પ્રસ્તાવ રજુ કરતાં પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેએ જણાવ્યુ હતુ કે સતત વધતા વાયુ પ્રદૂષણને રોકવા માટે તેમજ વધતા પેટ્રોલ-ડીઝલના ભાવોને લક્ષમાં લઈને નાગરિકો મહિનાના બીજા રવિવારે વાહનો બંધ રાખીને સાયકલો અપનાવે. આ વિચારને શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આગળ વધારશે તો ગાંધીનગર સમગ્ર રાજ્ય માટે માર્ગદર્શક બની રહેશે. પાટનગરમાં મહત્વના સ્થળોએથી સાયકલો ઉપલબ્ધ છે. ત્યારે શહેરને ફોર વ્હીલરથી મુક્ત રાખવું મુશ્કેલ નથી. સરકાર સાયકલ માટે રસ્તા પર અલગ ટ્રેક બનાવતા ગતિશીલ બને તે આજની આવશ્યકતા છે.

શહેર જાગૃત નાગરિક પરિષદની આ બેઠકમાં જ્યોતિન્દ્રભાઈ દવે, એસ.આર.ડી. મલિક, સુમંતભાઈ શાહ, જે.સી. પરમાર, જે.એલ. શાહ, દશરથભાઈ પરમાર, અશોકભાઈ શાહ, ગુણવંતભાઈ ગોહેલ વગેરેએ રહ્યા હતા.

## સે-૨૧માંથી પેરોલ જમ્પ કેદીને એબસ્કવોન્ડર ટીમે ઝડપી પાડ્યો

ગાંધીનગર એબસ્કવોન્ડર ટીમના પીએસઆઈ વી.એમ.ઝાલા, અ.હે.કો. કિરીટકુમાર જેઠાલાલ, અ.પો.કો. જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહ, ભવાનસિંહ બાબુજી, સુરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ, તેમજ રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ પેટ્રોલીગમાં હતા તે દરમિયાન સાથે અ.હે.કો. કિરીટકુમાર જેઠાભાઈ તેમજ ભવાનસિંહ બાબુજીને સંયુકત બાતમી મળી હતી કે રખીયાલ પોલીસ સ્ટેશનમાં બળાત્કારના ગુનામાં સજા પામેલા અને પેરોલ જમ્પ કરેલો કેદી ચેતનસિંહ અનુપસિંહ ઠાકોર રહે.ભાદરોડા, ઠાકોરવાસ, ને સેકટર-૨૧ ગાંધીનગર ખાતેથી પકડી પાડ્યો હતો. આ આરોપી વિરુદ્ધ નોંધાયેલા ગુનામાં તેને તા.૨૨-૯-૧૪ ના રોજ ૭ વર્ષની સજા થઈ છે. અને તે સાબરમતિ સેન્ટ્રલ જેલમાં સજા કાપતો હતો. તે દરમિયાન તા. ૧૪-૯-૧૮ ના રોજ પેરોલ રજા ઉપર મુકત થયેલ અને તા. ૨૦-૯-૧૮ ના રોજ જેલમાં પરત હાજર થવાનું હોવા છતા તે હાજર થયો ન હતો અને ફરાર રહ્યો હતો. જેથી એબસ્કવોન્ડર ટીમ દ્વારા આજરોજ પકડી પાડી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

## હકારાત્મક વિચારો તથા સુસંગત એટલે સફળતાની ગેરંટી : આચાર્ય સુનીલસાગરજી

ગાંધીનગર, તા. ૧૧
જાકી રહી ભાવના જૈસી પ્રભુ મુરત દેખી તિન તૈસી. જેની જેવી ભાવના તેની તેવી જ ગતિ, આ સત્ય છે. આચાર્ય સુનીલસાગરજીએ આજની પ્રાત:કાલીન સભામાં શ્રાવકગણોને સંબોધતા કહ્યું કે પરિણામો અથવા ભાવોમાં બહુ તાકાત છે પણ તેને ઓળખવાની અને પોતાની જાત પર વિશ્વાસ કરવાની જરૂર છે. જો પરિણામ સારા હશે હકારાત્મક હશે તો બધી મુશ્કેલીઓ ખતમ થઇ જશે, અશક્ય શક્ય બની જશે. પ્રભુ મહાવીરસ્વામીજીએ કહેલું કે આપણે જેવું વિચારીએ તેવી જ સૃષ્ટિ થશે. મોટા અને શ્રેષ્ઠતમ વિચાર મનમાં લાવશો તો જીવનમાં સારો જ મળશે જ્યારે નકારાત્મક વિચારનારાઓને કાયમ ખરાબ જ મળશે. જો આપણે સદવિચારો સાથે પોતાના પુરુષાર્થ, સાહસ ઉપર ભરોસો કરીશું અને ગુરુવચનોમાં શ્રદ્ધા રાખી તેનો આશીષ મેળવીશું તો દુનિયાની ગમે તે મંઝિલે પહોંચી જઈશું એમાં કોઈ શંકા સ્થાન નથી.



સારા વિચારો કે ભાવો માટે સતસંગતિની જરૂર હોય છે. એમ પણ કહેવાય છે કે જેવી સંગતિ કરશો તેવા વિચારો આપોઆપ બની જાય છે. સંગતિ આપણા લક્ષ્યને પ્રભાવિત કરે છે. જો સંગતિ વિપરીત હશે તો આપણે લક્ષ્યથી સદસંકલ્પથી દૂર થઇ જઇશું. સંગતિ બાહ્ય નિમિત્ત છે જેનાથી વિચારો કે પરિણામો પ્રભાવિત થાય છે જો રાત્રિભોજન ત્યાગી એવી વ્યક્તિની સંગતિમાં આવી જાય જે રાત્રિભોજન કરતાં હોય તો તેનો વ્રત ખંડિત થવાની શક્યતાઓ બધી જાય છે. સત્સંગ વાતાવરણ ઉભું કરે છે. જેવું વાતાવરણ તેવા પરિણામો સહજતાથી ઉત્પન્ન થાય છે. જો આપણે આનંદ જોઇતો હોય તો આનંદનુ વાતાવરણ બનાવવું જ પડશે. તેથી જ આચાર્યે કહ્યું કે વિપરીત પ્રકૃતિવાળા નિમિત્તોથી અલિપ્ત રહો અને વિકારોથી દૂર રહો જેથી હકારાત્મક પરિમામો મનમાં આવી શકે અને તમને સદમાર્ગે લઈ જઈ શકે.

હકારાત્મક વિચારવાથી મોટામાં મોટી સમસ્યાઓનો ઉકેલ આવી જાય છે, ધારેલી સફળતા મળી જાય છે. આપણે એક ભૂલ કરીએ છે કે આપણને નિમિત્ત સમજાય છે પણ ભાવ સમજાતો નથી. વિચારમાં આપાર શક્તિ છે. દુનિયામાં સદગુરુના સાનિધ્ય અને આશીષ જ એવું નિમિત્ત છે જેમાં બધાનો કલ્યાણ નિહિત છે. નહિતર સ્વાર્થગત મર્યાદાઓના નિમિત્ત જ સર્વત્ર દેખાય છે.

## હોમગાર્ડઝ અધિકારીને જિલ્લા કક્ષાએ બઢતી

ગાંધીનગર, તા. ૧૧
ડભોડા યુનિટના કંપની કમાન્ડપર અને ઓફીસર ઈન્ચાર્જ તથા રાજયના શ્રમ વિભાગમાં મદદનીશ સરકારી શ્રમ અધિકારી તરીકે ફરજ બજાવતા દશરથસિંહ એમ.પરમારની ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ કચેરી ખાતે સ્ટાફ ઓફિસર લીગલ તરીકે નિમણુંક કરવામાં આવી છે. દશરથસિંહ પરમાર ૧૯૯૮ થી ડભોડા યુનિટ ખાતે હોમગાર્ડઝ સભ્ય તરીકે ભરતી થયા હતા. ૧૯૯૦ થી ઓફિસર ઈન્ચાર્જ તરીકેની સરાહનીય કામગીરી સંભાળે છે. આ ઉપરાંત તેઓએ જિલ્લા કક્ષાની કામગીરી ભરતી-બઢતી પસંદગી સમિતિના સભ્ય તરીકે જિલ્લા કક્ષાના તાલિમ કેમ્પમાં નાયબ કેમ્પ કમાન્ડન્ટ તરીકે તથા સ્થાનિક અને જિલ્લા બહારના ફરજ બંદોબસ્ત જેવા કે કચ્છ જિલ્લા ધરતીકંપ ફરજ, સુરત શહેર, વડોદરા શહેર, નવસારી શહેર, અને જિલ્લામાં ગણેશ વિસર્જન, મહોરમ ફરજ અમદાવાદ ખાતે રથયાત્રામાં ફરજ બજાવી ચુક્યા છે. જયારે ઉજ્જૈન ખાતે વિધાનસભા ચુંટણી ફરજમાં જિલ્લાના બંદોબસ્ત ઈન્ચાર્જ તરીકે કામગીરી કરી છે. દશરથસિંહ પરમારની લાંબી અને યશસ્વી કામગીરી બદલ વર્ષ ૨૦૧૧ના સ્વાતંત્ર્ય દિવસે મુખ્યમંત્રી દ્વારા ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે.



### ચિલોડા ખાતે 'સમજો તો સારૂ' નાટક દ્વારા રજુ કરાયુ

તાલુકાની ચિલોડા દૂધ ઉત્પાદક મંડળી તથા નશાબંધી અને આબકારીખાતા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રામજી મંદિરના પટાંગણમાં વ્યસનમુક્તિ-દારૂબંધી, સ્વચ્છતાના વિષયોને આવરી લેતુ એક નાટક સમજો તો સારૂનો જનજાગૃતિ કાર્યક્રમ શ્રી બાલાજી આર્ટ અમદાવાદના કલાકારો રાજુભાઈ જોષી, રતીલાલ પરમાર, સવજીભાઈ મેવાડા તથા જિતેન્દ્રપ્રસાદ કલાવૃંદે બાળકોને રસપ્રદ રીતે નાટક રજૂ કરી નશો મૂળનો વિનાશ સંદેશો પુરો પાડ્યો હતો. આ કાર્યક્રમનીમ મંડળીના ચેરમેન મહેશભાઈ પટેલ, ડે.સરપંચ જયંતિભાઈ પટેલ, મંડળી અને ગ્રામ પંચાયતના સભ્યો તથા શિક્ષણવિદ્ નટુભાઈ પટેલ વગેરે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## જયોતિ મહિલા મંડળ દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧
સતત ૪૯મા વર્ષે નગરની ૫ વર્ષની દિકરીથી લઈને ૮૦ વર્ષની બહેનોએ ખિમજી વિસરામ હોલ ખાતે ફરતા ગરબા સ્પર્ધામાં મા અંબાની આરાધનાનો શુભારંભ કર્યો હતો. કલ્ચરલ ફોરમ ગાંધીનગરના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, ડૉ. વીણાબેન પટેલ, મધુર ડેરીના હંસાબેન, બંસરી રીસોર્ટના અશ્વિનભાઈ મહેતા, ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી લત્તાબેન ચોકસી, પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે માથે હેલ, ઘડો, બેડા તેમજ માંડવડી લઈને બહેનો પરંપરાગત ગરબામાં જોડાઈ હતી. વિજેતાઓને નિશિતભાઈ વ્યાસ, શ્રીમતી કૌશલ્યાબેન પરીખ, હિનાબેન મહેતા, ડૉ. હસમુખ નાયકના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.

૧૧થી ૧૫ વર્ષ જુથમાં પ્રથમ હિરણ્યા પંડ્યા, ૧૬ થી ૨૫ વર્ષ જુથમાં સોની ફોરમ, ૨૬ થી ૩૫ વર્ષ જુથમાં મેઘાવી ભાવના, ૩૬ થી ૪૫માં પ્રથમ પટેલ જાગૃતિ, ૪૬ થી ૬૦ વર્ષમાં પ્રથમ શર્મિષ્ઠાબેન દવે, બેડા ગરબો પ્રથમ અંજનાબેન પ્રજાપતિને ઈનામમાં એનાયત કરાયા હતા. આ પ્રસંગે નીરૂબેન નાયક, મીનાબેન શાહ, કોકિલાબેન નાયક, હર્ષાબા ધાધલ, કિન્નરી દવે, જ્યોતિ ઠક્કર, જ્યોત્સનાબેન મણિયાર, સાબેરાબેન દેસાઈ, શકુંતલાબેન શાહ, રમીલાબેન મિસ્ત્રીએ સહયોગ આપ્યો હતો.

તારાબેન પટેલ, પ્રવિણાબેન ગામીત તેમજ સંગીતા પંડ્યા દ્વારા જહેમત ઉઠાવાઈ હતી. ડૉ. વર્ષા પારેખે સંચાલન કર્યું હતું.

## માર્ગ સલામતી અમારા માટે સંવેદનાનો વિષય : મનસુખભાઈ માંડવિયા

ગાંધીનગર, તા. ૧૧
ભારત સરકારનાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા 'માર્ગ સલામતી' વિષયને ખૂબ જ ગંભીરતાથી લઈ વિવિધ પગલા લેવામા આવી રહ્યા છે. જેના ભાગરૂપે એડ ફિલ્મોનું નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. ગુજરાતનાં વિવિધ કલાકારોનાં સહયોગથી જુદી-જુદી ૫ એડ ફિલ્મોનું નિર્માણ કરવામાં આવ્યુ છે, જેનું લોન્ચીંગ કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી મનસુખભાઇ માંડવિયાના હસ્તે અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતા મંત્રી મનસુખભાઇ માંડવિયાએ જણાવેલ કે, "માર્ગ સલામતીએ મારા માટે સંવેદનાનો વિષય છે, દરેક અકસ્માત એક ઉંડા દૂખની લાગણી આપે છે સાથે જ માર્ગ સલામતી માટે વધુ જવાબદારી સાથે કામ કરવાની પ્રેરણા પણ આપે છે. વર્ષ ૨૦૧૭માં ૧.૪૬ લાખ લોકોએ માર્ગ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો છે. દેશભરમાં દરરોજ ૯૮ લોકોના મૃત્યુ હેલ્મેટ ન પહેરવાથી, ૭૯ લોકોનાં મૃત્યુ સીટબેલ્ટ ન લાગવાવાથી, ૯ લોકોના મૃત્યુ ફોન પર વાત કરતા ડ્રાઈવિંગ કરવાથી અને ૨૭૦ લોકોના મૃત્યુ ઓવરસ્પીડીંગ કરવાથી થયેલ છે. સરકારનાં પ્રયત્નોથી માર્ગ અકસ્માત મૃત્યુ ધટયા છે પરંતુ હજુ પણ આ આંકડો ખુબ મોટો છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં અકસ્માતની સંખ્યા અડધી કરવા અમે જનજાગૃત અભિયાન ઉપાડ્યુ છે."

આ કાર્યક્રમમાં માર્ગ સલામતી માટે કાર્ય કરતા રાજયભરનાં સ્વૈચ્છિક સંગઠનોના પ્રતિનીધિઓ, સમાજસેવકો, રિક્ષા-બસ-ટેક્ષી-ટ્રક-ડ્રાઈવીંગ સ્કુલના એસોસીએશનના પ્રતિનિધિઓ, ગુજરાત સરકાર અને ભારત સરકારનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા, તેમને પણ મંત્રી મનસુખભાઇ માંડવિયાએ 'માર્ગ સલામતી' જાગૃતિને રોજીંદા જીવનનો ભાગ બનાવી આ અભિયાન સાથે જોડાવા આહવાન કર્યુ હતુ.

## છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં શખ્સો પાસેથી ૪ મોબાઈલ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧
કલોલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી, તે દરમિયાન ફરજ પરના કર્મચારીઓને બાતમી મળી હતી કે રીપોજ હોટલ પાસે સર્વિસ રોડ ઉપરથી ચાર શખ્સો હિતેશકુમાર રાજેસભાઈ સોલંકી, ઉવ.૨૩ ગામ બીલેશ્વરપુરા, ચમારવાસ તા.કલોલ જિ.ગાંધીનગર, આનંદ કાળુભાઈ સેનમા ઉવ.૨૦ રહે. ગામ બિલેશ્વરપુરા, ચમારવાસ, ધર્મેન્દ્રસિંહ ઉર્ફે મુન્નો બિહારી હનુમાનસિંહ રાજપૂત ઉવ.૩૧ રહે. ગામ બિલેશ્વરપુરા, બિલેશ્વરપુરા કટ પાસે રામદેવ હોટલ પાસે છાપરામાં રહે.ગામ સરના, તા.સાહપુર જી.ભોજપુર, બિહાર,ભાવેશ ભરતભાઈ શેનમા ઉ.વ૨૦ રહે.ગામ બિલેશ્વરપુરા, ચમારવાસ તા.કલોલ ને ઝડપી પાડી તેમની અંગ ઝડતીમાંથી સેમસંગ કંપનીનો એસએમ.જી ૩૧ ૩એચયુ મોડેલનો એન્ડ્રોઈડ મોબાઈલ કિ. ૧.૫૦૦ તેમજ સેમસંગ કંપનીનો સિલ્વર કલરનો જે-૨ મોડેલનો એન્ડ્રોઈડ મોબાઈલ કી.રૂ. ૨૦૦૦, અને ઓપો મોબાઈલ કી.રૂ. ૫૦૦૦ તથા ટેકનો કંપનીનો ટેકનો-૧૩ મોડેલનો મોબાઈલ કિ.રૂ.૧,૫૦૦ મળી કુલ મોબાઈલ નંગ-૪ રૂ.૧૦,૦૦૦ના ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કર્યા છે. આજરોજ સવારે આ શખ્સોની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોતા થીનરના ગોડાઉનમાં ફાટી નિકળેલી ભીષણ આગ

અમદાવાદ, તા.૧૧
એસ.જી હાઈવેથી નજીક ગોતા વિસ્તારમાં થીનરના એક ગોડાઉનમાં આજે બપોરે ભયંકર આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાઇ ગયો હતો. આગના કારણે ધુમાડાના ગોટેગોટા ઉંચે આકાશમાં નજરે પડતા હતા, જે એસજી હાઇવે પરથી પણ દ્રશ્યમાન થતા હતા, જેને જોઇ લોકોને આગની ભયાનકતા ખબર પડી જતી હતી. આગ એટલી વિકરાળ હતી કે, ફાયરબ્રિગેડ જવાનોને ૧૮થી ૨૦ ફાયર ટેન્કરની મદદની સાથે ૪૦૦ લિટર ફુમનો વપરાશ અને અઢીથી ત્રણ લાખ લિટર પાણીનો ઉપયોગ કરવો પડયો હતો. ભારે જહેમત બાદ ફાયરબ્રિગેડ તંત્રએ ભીષણ આગ કાબૂમાં લઇ લીધી હતી અને આ આગને એસ્ટેટમાં અન્ય દુકાનો કે ગોડાઉન સુધી પહોંચતી અટકાવવામાં સફળતા મેળવાઇ હતી. એડિશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટ તાત્કાલિક કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ગીચ અને સાંકડી જગ્યા હોવાછતાં સમયસર આગ પર કાબૂ મેળવી સમગ્ર પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. રાહતની વાત એ હતી કે, આગની આ દુર્ઘટનામાં કોઇ ઇજા કે જાનહાનિ નોંધાઇ ન હતી. જો કે, આગના કારણે ગોડાઉનનું સ્ટ્રકચર ભારે જર્જિરત થઇ ગયું હતુ, જેથી અમ્યુકો તંત્રને પણ તેની જાણ કરાઇ હતી. આ અંગે એડિશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટે જણાવ્યું હતું કે, શહેરના એસ.જી. હાઇવે પર ગોતા-ચાંદલોડિયા બ્રીજની નીચે વી.કે.એસ્ટેટમાં ડાભી અશોકભાઇ લક્ષ્મણભાઇનું થીનરનું મોટું ગોડાઉન આવેલું છે, જેમાં આજે બપોરે બે વાગ્યાની આસપાસ અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી, થીનરનો જથ્થો ગોડાઉનમાં હોવાથી આગ જલ્દી પકડાઇ હતી અને ઝડપથી પ્રસરી ગઇ હતી અને થોડીવારમાં તો આગની વિકરાળતા ચોતરફ ફેલાઇ ગઇ હતી. આગની દુર્ઘટનાની જાણ થતાં જ ૧૮થી ૨૦ ફાયર ટેન્કરો સાથે ફાયબ્રિગેડના જવાનોનો કાફલો તાત્કાલિક અહીં દોડી આવ્યો હતો અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.



ભારે જહેમત બાદ ૪૦૦ લિટર ફુમનો વપરાશ અને અઢીથી ત્રણ લાખ લિટર પાણીનો ઉપયોગ કરી આખરે આગને કાબૂમાં લઇ લેવાઇ હતી. જો કે, ફાયરબ્રિગેડના જવાનોએ ખૂબ મહેનત અને સમયસૂચકતા વાપરી આગને આસપાસના ગોડાઉનો અને દુકાનો સુધી પહોંચવા દીધી ન હતી, તેના લીધે મોટી જાનહાનિ ટળી ગઇ હતી. વી.કે.એસ્ટેટનો માલિક ઇશ્વરભાઇ દોલતરામ દાણી હોવાનું માલૂમ પડયું છે. ગોડાઉન આગમાં ઓછી સાંકડી જગ્યામાં વધુ પડતો માલનો ભરાવો કરાયો હોવાની વાત પણ સામે આવી હતી.

## બાપુની પ્રતિમાને પ્રણામ કરી અલ્પેશ ઠાકોર દ્વારા ઉપવાસ

સાબરકાંઠાના ઢુંઢર ગામે ૧૪ માસની બાળકી પર થયેલા દુષ્કર્મના બનાવના ગણતરીના દિવસો બાદ ગુજરાતમાં પરપ્રાંતીયો પર હુમલાના બનાવો બન્યા હતા. જેમાં ઠાકોર સેનાના પર આરોપ લાગ્યો હતો. પરપ્રાંતીયો અને ઠાકોર સેના વચ્ચે સદભાવ વધે તેમ જ પ્રેમ અને ભાઈચારાનો સંદેશ ફેલાવવાના ઉદ્દેશ્યથી આજે ઠાકોર સેનાના નેતા અને રાધનપુર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર સદભાવના ઉપવાસ પર ઉતર્યા હતા. પરપ્રાંતીયો અને ગુજરાતીઓ વચ્ચે ભાઈચારો વધારવાના પ્રયાસના ભાગરૂપે આજે ગાંધી આશ્રમ ખાતે સમર્થકો સાથે અલ્પેશ ઠાકોરે બાપૂની પ્રતિમાને પ્રણામ કરીને એક દિવસીય સદભાવના ઉપવાસ યોજયા હતા. ગાંધી આશ્રમમાં બાપૂના દર્શન બાદ અલ્પેશ ઠાકોર રાણીપ સ્થિત સદભાવના ઉપવાસ સ્થળે પહોંચીને એક દિવસના પ્રતિક ઉપવાસ પર બેઠા હતા.ગુજરાતમાં એક દિવસના સદભાવના ઉપવાસ યોજયા બાદ




દેશના દરેક રાજયમાં એક એક દિવસ માટે અલ્પેશ સદભાવના ઉપવાસ કરશે. તે ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, દિલ્હી સહિતના પરપ્રાંતીય પલાયન કરીને જતાં રહ્યા છે તેવા રાજ્યોમાં પણ ઉપવાસ કરવાનો છે. ઉપવાસમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બિહારના મુખ્યમંત્રી નીતિનકુમારને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતું. તેઓએ અલ્પેશના સદ્‌ભાવના ઉપવાસમાં હાજરી આપવાનું ટાળ્યું હતું.

હિંમતનગરના ઢુંઢર ગામની એક ૧૪ માસની બાળકી પર પરપ્રાંતી યુવાને દુષ્કર્મ આચર્યું હતું. ગણતરીના દિવસો બાદ ઉત્તર ગુજરાત અને અમદાવાદ સહિતના જિલ્લામાં રાજ્યના ૯ જિલ્લામાં પરપ્રાંતીયોને માર મારવા અને લૂંટી લેવાના બનાવો બન્યા હતા. આમાં સૂકાનાં વાંકે લીલું પણ બળ્યું હોવાનો ઘાટ સર્જાયો હતો અને નિર્દોષો એવા ગરીબ અને મજૂરી કરવા આવેલા પરપ્રાંતીયોને ગુજરાત છોડવાનો વાર આવ્યો હતો. ત્યારે પરપ્રાંતીયોને પાછા લાવવા અને તેમની સાથે સદભાવ કેળવવા અલ્પેશ સદભાવના ઉપવાસ કરી રહ્યા છે. ૧૪ માસની બાળકીને ન્યાય મળે તે માટે અલ્પેશ ઠાકોર સદભાવના ઉપવાસ કરવાના હતા. આ સદભાવના ઉપવાસ કરવા માટે તેમણે ગાંધી આશ્રમને પસંદ કર્યો હતો. ૮મી ઓક્ટોબર આ ઉપવાસ યોજાવાના હતા. રાજ્યમાં સ્થિતિ બેકાબૂ બની અને રાજ્યના કેટલાક જિલ્લામાં હુમલાના બનાવ બનતાં કોઈપણ જાણ કર્યા વગર અલ્પેશે આ ઉપવાસ નહોતા કર્યા. હવે બાળકીને ન્યાય માટેના સદભાવના ઉપવાસ કેન્સલ કરીને પરપ્રાંતીય અને ઠાકોર સેનામાં સદભાવના જન્મે તેવા પ્રયાસ માટે ઉપવાસ કરે છે. ઠાકોર અધિકાર આંદોલન માટે ઠાકોર અધિકાર યાત્રાનો એક કાર્યક્રમ અલ્પેશ ઠાકોર યોજવાના હતા.